


Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૦ ૧૦ જાન્યુઆરી, ૨૦૧૭, મંગળવાર ; પોષ સુદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરને મળશે અદ્યતન રેલવે સ્ટેશન

## ગુજરાતીમાં સંબોધનની શરૂઆતમાં કેમ છો કહી રોમાંચિત કર્યા : રેલવેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે : યાત્રીઓની સુવિધા વધુને વધુ વધે તેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે : સરકારે રેલવે સુધારાઓ મોટાપાયે હાથ ધર્યા છે : વડાપ્રધાન મોદી

ગાંધીનગર, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગાંધીનગર રેલવે સ્ટેશન નવિનીકરણ યોજનાનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે મોદીએ પોતાની રીતે સંબોધન પણ કર્યું હતું. આ સંબોધનમાં મોદીએ રેલવેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની ખાતરી આપી હતી. મોદીએ કહ્યું હતું કે યાત્રીઓની સુવિધા વધુમાં વધુ વધે તેનો હેતુ રહેલો છે. મોદીએ સંબોધનની શરૂઆત માતૃભાષા ગુજરાતમાં કરી હતી. મોદીએ લાક્ષણિક અંદાજ પ્રગટ કર્યો હતો. સંબોધનના પ્રારંભ ગુજરાતીમાં કેમ છો શબ્દનો ઉલ્લેખ કર્યો હતો. કેમ છો મજામાં કહેતા ઉપસ્થિત નાગરિકોએ તેમને વધાવી લીધા હતા. મોદીએ કહ્યું હતું કે હું પણ મજામાં, દેશ પણ મજામાં છે.



ગાંધીનગર રેલવે સ્ટેશન નવિનીકરણ સંદર્ભે બોલતા તેમણે કહ્યું હતું કે સરકાર માટે રેલવે સુધારાની કામગીરી પહેલાથી જ પ્રાથમિકતાની યાદીમાં છે. આ સરકાર રેલવેને પ્રાથમિકતા આપી બજેટ બે ગણું કરી દીધું છે. તક જોઈને ચોગ્ગો ફટકારનાર ભૂતકાળની સરકારો ઉપર પણ મોદીએ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે અગાઉની સરકારોએ માત્ર લોકોને ખુશ કરવા માટે જ રેલવેનો ઉપયોગ કર્યો હતો પરંતુ અમે સુધારા પ્રક્રિયા હાથ ધરી છે. મહાત્મા મંદિરની પ્રગતિના ગ્રાફ વિષે તેમણે કહ્યું હતું કે ગુજરાત વિશ્વના બિઝનેસનું હબ તરીકે ઉભરી રહ્યું છે.

મહાત્મા મંદિરના વિશ્વના મહાનુભાવો વિશ્વની શાંતિ માટે ચર્ચા કરવા ભેગા થઈ રહ્યા છે. મોદીએ રેલવેની સુરક્ષા અંગે ચિંતા પણ કરી હતી. ડિજીટલ ઈન્ડિયાનું સપનું પૂર્ણ કરવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મોદીએ એમ પણ કહ્યું હતું કે રેલવેમાં સૌથી વધુ એફડીઆઈ અને સુરક્ષા મહત્વપૂર્ણ બાબત છે. રેલવે મહાત્મા મંદિર અને હેલિપેડ બિઝનેસ મેગ્નેટીકનું સેન્ટર બનશે. ભારતમાં રેલવે સ્ટેશનો ઉપર સૌથી વધુ વાઈફાઈ સુવિધા ઉભી કરવામાં આવી રહી છે. રેલવેના માધ્યમથી કાર્ગોનું વિસ્તરણ કરવામાં આવનાર છે. તેમણે કહ્યું હતું કે જેટલા પ્રમાણમાં કાર્ગોનું વિસ્તરણ થશે તેટલા જ પ્રમાણમાં ગરીબોને વધુ ફાયદો થશે. રેલવેનું વિસ્તરણ થશે અને સામાન્ય લોકોને વધુ ફાયદો થશે.

## ૨૫૦ કરોડના પ્રોજેક્ટનું ખાતમૂહૂર્ત

### રેલ્વે ડેવલપમેન્ટ કોર્પોરેશન હોટલ અને રેલ્વેસ્ટેશન બનાવશે અને તેની ડિઝાઇન રાજકોટની આર્કિટેક્ટ કંપનીએ પૂરી પાડી છેઃ બિલિપત્રનો આકાર અપાયો




ગાંધીનગર, તા.૯

ગુજરાતની આઠમી વાયબ્રન્ટ સમિટ પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના અદ્યતન રેલ્વેસ્ટેશન તેમજ ફાઈવસ્ટાર હોટલના નિર્માણ માટે ખાતમૂહૂર્ત કર્યું હતું. આ પ્રોજેક્ટને ઈન્ડિયન રેલ્વેસ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશને મંજૂરી આપી છે.

૯૫૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૨૫૦ કરોડ રૂપિયા થાય છે. આ પ્રોજેક્ટનો આકાર બિલીપત્ર જેવો રાખવામાં આવ્યો છે. આશરે બે લાખ ચોરસ ફૂટનો પ્લોટ સ્ટેશનના નવીનીકરણ અને નવી હોટલ માટે અનામત રાખવામાં આવ્યો છે.

ઈન્ડિયન રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન

● અનુસંધાન પાન-૭ પર

# મોદી મહેમાન છે છતાં વાયબ્રન્ટ સમિટના કાર્યક્રમો જાતે બનાવ્યા

### ૩૪ મિનિટનું ઉદ્ઘ્રઘાટન ભાષણ રહેશે : મોદી સાથે ૧૨૫ દેશના મહેમાનોને સ્ટેજ પર સ્થાન મળશે, વડાપ્રધાન ગ્લોબલ સીઇઓ સાથે વિસ્તૃત ચર્ચા કરશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર ખાતેના મહાત્મા મંદિરમાં આવતી કાલથી શરૂ થઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં મોદી સાથે દેશ-વિદેશના ૧૨૫ મહેમાનોને સ્ટેજ ઉપર સ્થાન મળશે. વાઈબ્રન્ટ સમિટમાં નરેન્દ્ર મોદી બપોરે ૩:૩૦થી લગભગ અઢી કલાક રોકાશે. જેમાં વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન ભાષણ માટે મોદીને ૩૪ મિનિટનો સમય ફાળવેલો છે. આ ઉપરાંત બપોરે ઉદ્ઘાટન પાછળ PMOએ સુચના આપી હોવાનું જાણવા મળ્યું છે.

આ સમિટમાં જ નરેન્દ્ર મોદી બપોરે ૩:૩૦થી ૬:૦૦ વાગ્યા સુધી હાજરી આપશે. જેમાં તેમને ભાષણ કરવાનો સમય ૫:૨૬થી ૬:૦૦ કલાક સુધીનો નક્કી કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે મોદીનું ભાષણ એખ કલાકથી ઓછું હોતું નથી, પરંતુ વાઈબ્રન્ટ સમિટમાં મોદીના ભાષણ માટે માત્ર ૩૪ મિનિટનો સમય જ ફાળવવામાં આવ્યો છે.

જેમાં ઉદઘાટન સમારોહ બાદ મોદી વિવિધ સ્ટોલ અને પેવેલિયનની મુલાકાત લેવાના છે. જેમાં પણ રાજ્યના મુખ્યસચિવ અને કે.કૈલાશનાથનને PMO તરફથી ખાસ સૂચના આપવામાં આવી છે કે,

● અનુસંધાન પાન-૭ પર

# સમિટમાં ૨૫ લાખ કરોડના એમઓયુનો દાવો

### ૧૨૫ દેશોના ડેલિગેટ્સની ઉપસ્થિતિમાં મોદીના હસ્તે બપોરે ઉદ્દઘાટન, રાજ્યોના ઉદ્યોગજૂથો તેમજ વિશ્વના સીઇઓ સાથે ૧૦ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન બિઝનેસની મંત્રણા થશે

ગાંધીનગર, તા.૯

રાજયના પાટનગર ગાંધીનગર ખાતે આવતીકાલથી આઠમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો આરંભ થશે જેમાં દેશ વિદેશના મહાનુભાવો, નોબેલ પારિતોષિક વિજેતાઓ અને ૫૦ મલ્ટિનેશનલ કંપનીઓના સીઈઓ હાજર રહેશે અને ગુજરાતમાં તેઓ દ્વારા થનારા સંભવિત રોકાણો માટે સમજૂતિ કરાર (એમઓયુ) કરશે. આ સમિટમાં ૨૫ લાખ કરોડ કરતાં વધુની રકમના કરાર થવાની શક્યતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ સમિટનું ઉદઘાટન કરવામાં આવશે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું ઉદઘાટન કરવા અને અન્ય કાર્યક્રમોમાં હાજરી આપવા વડાપ્રધાનનું આજે બપોરે જ અમદાવાદના એરપોર્ટ ખાતે આગમન થઈ ગયું હતું જ્યાં રાજયના રાજડ્યપાલ ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વીજય રૂપાણી અને ભાજપના સેંકડો કાર્યકરોએ વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

રાજ્ય સરકારે આ વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશમાંથી રૂ. ૨૫ લાખ કરોડના જંગી રોકાણો થવાનો દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સૌ પ્રથમ વાઈબ્રન્ટ સમિટનો આરંભ કર્યો હતો. ગત સાતમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં રાજ્ય સરકારને રૂ. ૨૫ લાખ કરોડના રોકાણો થવાની દરખાસ્તો મળી હતી. આ વર્ષે ૨૦ દેશોના વડા અને અનેક દેશોના મંત્રીઓ આ સમિટમાં ભાગ લઈ રહ્યા છે જે દર્શાવે છે કે અનેક દેશોની સરકારોને ગુજરાતમાં રોકાણો કરવા ભારે રસ છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયના દક્ષિણ-મધ્ય એશિયાઇ બાબતોના રાજ્યકક્ષાના મંત્રી નિશા દેસાઈ બિશ્વાલ પણ અમેરિકાના ઉદ્યોગપતિઓના એક વિશાળ પ્રતિનિધિમંડળ સાથે આ સમિટમાં ભાગ લઈ રહ્યા છે. આ સમિટમાં ભાગ લેનારા અન્ય મહાનુભાવોમાં કેન્યાના રાષ્ટ્રવ પ્રમુખ ઉહુરૂ કેન્યાટા, રવાન્ડાના રાષ્ટ્ર પ્રમુખ પૌલ કગામી, પોર્ટુગલના વડાપ્રધાન એન્ટોનિયો કોસ્ટા, સર્બિયાના વડાપ્રધાન એલેક્ઝાંડર વુસીસ, રશિયાના નાયબ વડાપ્રધાન દીમીત્રી રોગોઝીન

● અનુસંધાન પાન-૭ પર













